# બાળકોનાં રંગલાલા

ભાગ-૨



લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# પ્રાર્થના અને બાળકો

પ્રભુના પયગંબરો !

તમને બધાંને જોઈને મને ખૂબ જ આનંદ થયો છે. હું ઘણી વાર કહું છું કે જૂના જમાનાની માફક પરમાત્મા જો મને કહે કે 'માગ, માગ, માગે તે આપું' તો હું પ્રભુ પાસે બીજુ કાંઈ ન માગું અને એટલું જ કહું કે મને બાળક બનાવી દો. મારા માણસોને પણ હું ઘણી વાર આ જ કહું છું. મારી તબિયતને લીધે કેટલાક ચિંતા વગેરે કરે અને અનેક ઉપાયો કહે તો હું કહું છું કે તમો બધા મારો બહિષ્કાર કરો અને નાનાં બાળકો-દશ-બાર વર્ષનાં મારી પાસે છ મહિના મૂકો તો મને લાગે છે કે દશ વર્ષ હું વધારે જુવાન થઉં. આ કાંઈ તમને ઠીક લગાડવા કહેતો નથી.

બાલ્યાવસ્થા એ પ્રભુની મોટામાં મોટી બક્ષિસ છે અને જીવનનો પાયો નાંખવાનો ઉત્તમ સમય છે.

જિંદગીના પહેલા ભાગની અંદર એટલે કે બાલ્યાવસ્થાની અંદર જે વિદ્યા સંપાદન કરી-વિદ્યા એટલે એકલું જ્ઞાન જ નહિ પણ સારા સંસ્કારો. વિકાસનો પાયો એ વિદ્યા ઉપર છે, સારા સંસ્કાર ઉપર છે અને એ જો સારા નંખાયલા હશે તો આગળનું જીવન સુખી જવાનું છે.

પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ


(ઝાંબિયા, ૧૯૬૭)

# બાળકોના રંગલાલા



લેખક

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



## પ. પ. વાસુદેવાનંદ સરસ્વતી

(સ્વામી મહારાજ)

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ ।
ૐ શ્રી વાસુદેવાનંદાય નમઃ ।
ૐ શ્રી રંગાવધૂતાય નમઃ ।

બ્રહ્મૌજસા ભૂષિતભવ્ય ભાલમ્
દિવ્યૌજસા દીપ્ત વિશાલ નેત્રમ્ ।
શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્
રંગાવધૂતમ્ પ્રણતોઽસ્મિ નિત્યમ્ ।।

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
'રાહ-રંગપ્રેમની'
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ,
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

આવૃત્તિ : પ્રથમ.
ભાદરવા સુદ એકમ, ૨૦૬૨.
ગુરુવાર, તા. ૨૪-૮-૨૦૦૬.
**૭૬મી પ્રેમજયંતી.**

પ્રત : ૧૦૦૦.

પાંચ રૂપિયા

# આશીર્વચન

દેશ-પરદેશમાં રંગપરિવાર વિસ્તરતો જાય છે ત્યારે આ રંગભક્તિ અને જીવન ઘડતરના સંસ્કારો નાના બાળકોમાં પણ ઉતરે એ ખૂબ જ જરૂરી છે. ભાવિ પેઢીના તેઓ પ્રહરી છે. પૂ.શ્રી માટે ઘણું ઘણું લખાયું છે પણ એનો લાભ મોટી ઉંમરની વ્યક્તિઓ જ લઈ શકે એમ છે. નાના બાળકને વાંચવું ગમે એવી શૈલી અને એના મનમાં સારા સંસ્કાર પડે એવા પ્રસંગોને માવજતપૂર્વક રજુ કરવાની ઘણી જરૂરિયાત છે. એ સંજોગોમાં પૂ.શ્રીના જીવનના પચ્ચીસ પ્રસંગોને રજુ કરતી બાલ ભોગ્ય શૈલીની આ પુસ્તિકા-શ્રેણી બાળકોને ગમશે એવી શ્રદ્ધા છે.

આ પ્રસંગો મહદંશે શ્રી રંગલીલામૃત પર જ આધારિત રહેશે એંટલે એને 'બાળકો માટેનું રંગલીલામૃત' કહીએ તો પણ ખોટું નથી. પચ્ચીસ પ્રસંગોની એક એવી અનેક પુસ્તિકાઓ- શ્રેણી- નું આયોજન છે.

શ્રી કુલીનભાઈના આ પ્રયાસને ગુરુમહારાજના આશીર્વાદ હો ! એમના આશીર્વાદમાં જ મારા આશીર્વાદ નથી શું?

લિ.

અમેરિકા, ॐ

તા. ૩-૮-૨૦૦૬. **પ્રેમ**

# આવકાર

"ધરતી ઉપર અવતરતું નવું બાળક એ ઈશ્વરનો માનવજાતમાંથી વિશ્વાસ ઊઠી ગયો નથી એનો પુરાવો છે."

આવા વિશ્વાસ સાથે શ્વાસલેતા એ નવજાત બાળકને ઠારવાનું અને મઠારવાનું કામ માતા-પિતા અને શિક્ષકનું છે. બાળકોમાં સત્ચરિત્રના સંસ્કારો રેડવાનો સરળ અને સહજ માર્ગ છે:- **વાર્તા કથનનો**.

ઊંચા આદર્શો માટે જીવેલાં મહાપુરુષોના જીવનની ઘડતર કરે એવી રસસભર વાતો બાળકોને સાંભળવા મળવી જોઈએ, વાંચવા મળવી જોઈએ.

'**બાળકોના રંગદાદા**'એ આ દિશામાં ભરાયલું સ્તુત્ય પગલું છે.

સ્નેહિ શ્રી કુલીનભાઈને સંસ્કાર પોષક શ્રેણીના આયોજન માટે અભિનંદું છું અને સંસ્કારનું જતન કરે એવી આ પુસ્તિકાને હું હ્રદયથી આવકારું છું.

સદ્ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજના અને પૂ. પ્રેમ અવધૂતજીના એમના ઉપર હર હંમેશ આશીર્વાદ વરસતા રહે એવી હ્રદયની પ્રાર્થના.

આવકાર લખી આપવાની તક આપવા બદલ એમનો આભારી છું.

મુંબઈ. — લિ.

તા. ૧૯-૮-૨૦૦૬. — **અનિલ શ્રોફ.**

## લેખકનું નિવેદન

જયારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઇ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઇચ્છા જાગી. એમાં બાળકોના મોટા એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઇ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઇ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

આવકાર લખી આપવા બદલ અને 'અનુપમ હિરલો પાયો' એ શીર્ષક સૂચવવા બદલ મુ. અનિલભાઈનો આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ લિ.

તા. ૪-૮-૨૦૦૬.

(૯૮૨૪૫૦૪૨૦૬)

**કુલીન ઉપાધ્યાય.**

# બાળકોના રંગદાદા

## (૧)

## જેવી વાણી તેવું જ વર્તન

વડોદરા નામનું શહેર.
એમાં ઉચ્ચ કોટીના એક સંત રહે.
લોકો એને ભગવાનના નામે ઓળખે.
આ સંત ગૃહસ્થ સંત હતા. સંસારી હતા.
પણ સંસારી હોવા છતાં સાચા સંન્યાસી હતા.
સાધુ થવું એટલે ભગવા રંગના કપડા પહેરવા એવું નહિ.
સાધુ થવું એટલે સરલ થવું, સહિષ્ણુ થવું, સેવાભાવી થવું.
સાધુતા એ વૃત્તિ છે, એને વેશ સાથે સંબંધ નથી.
આવા સંત પાસે એક વાર આપણા પાંડુરંગ ગયા.
આ ભગવાનના એક શિષ્ય.
એનું નામ દત્તોપંત.
આ દત્તોપંત સાથે પાંડુરંગ ગયા. ભગવાન પાસે બેઠા. બેઠા બેઠા એમની વાતો સાંભળે.
એવામાં એક સાધક આવ્યો.

નંદકિશોર એનું નામ.

ભગવાન સાથે સાધનાની વાતો કરે. ધ્યાનની વાતો કરે.

ભગવાને બધાને કહ્યું કે કાલે વહેલી સવારે (મળસ્કે) ચાર વાગે આવી જજો હોં! તમને ધ્યાન કરાવીશ.

પછી ટકોર કરી કે સમયસર આવી જજો! જોજો મોડું ન થાય.

આપણા પાંડુરંગ તો ત્રણ વાગે ઊઠનારા.

સ્નાન સંધ્યા કરીને પહોંચી ગયા ભગવાન પાસે.

ભગવાને જોયું કે પાંડુરંગ સમયપાલનમાં માને છે.

સાડા ચાર થયા પણ નંદકિશોર ના આવ્યો.

ભગવાને કહ્યું કે સમય ન સાચવે તેનાથી સાધના શું થાય?

બોલ્યા કે આવીશ તો આવવું જ જોઇએ.

જેવી વાણી તેવું જ વર્તન હોવું જોઇએ.

બોલો તેવું કરો - વાણી તેવું વર્તન.

●

# (૨)

## વિધેયક વિચારધારા

આપણા પાંડુરંગમાં દેવભક્તિ અજબની.
આપણા પાંડુરંગમાં દેશભક્તિ ગજબની.
ગોધરા એમનું જન્મસ્થળ.
ડાકોરમાં રાજા રણછોડરાય બિરાજે.
પાંડુરંગ અવાર નવાર દર્શને જાય.
ગોધરાના વિઠ્ઠલનાથ (પંઢરીનાથ) અને ડાકોરના રણછોડરાય.
અમદાવાદ વિદ્યાપીઠમાં રહેવા આવ્યા તો પણ અનુકૂળતાએ ડાકોર દર્શને જાય.
ડાકોર ગામ નાનું.
ગામમાં ગંદકી પણ ઘણી.
પરંતુ રણછોડરાયનું મંદિર અદ્‌ભુત.
અને રાજા રણછોડરાય એટલે ચેતનવંતી મૂર્તિ.
એક વાર પાંડુરંગ ડાકોર દર્શને ગયા.
ભગવાનનાં દર્શન કર્યાં.
ભગવાનને હૃદયમાં રાખી, ભગવાનનું સ્મરણ કરતાં કરતાં અમદાવાદ આવ્યા.
વિદ્યાપીઠમાં આવ્યા ત્યાં ગાંધીબાપુ મળ્યા.

બાપુએ પૂછ્યું કે વળામે ક્યાં જઈ આવ્યા?
'રણછોડરાયના દર્શને ગયો હતો. ડાકોર જઈ આવ્યો.'
ગાંધીબાપુએ બીજું ન કહેતા એટલું જ કહ્યું કે ડાકોરનું મંદિર સરસ છે પણ ગામમાં ગંદકી ખૂબ છે. રણછોડરાયની મૂર્તિ સરસ છે પણ ગામ ગંદુ છે. ખરું ને!
પાંડુરંગ વિનયથી બોલ્યા: "બાપુ! હું તો ભગવાનના દર્શને જાઉં છું, ડાકોરની ગંદકી જોવા નહિ."
સારી વસ્તુ જોવાની, સારા ગુણો જોવાની, હકારાત્મક દૃષ્ટિ એટલે જ વિધેયક વિચારધારા.
બધામાંથી સારા ગુણ ગ્રહણ કરવાની વૃત્તિવાળા-ગુણગ્રાહી- હતા આપણા પાંડુરંગ.
આપણે પણ સારું જોવું અને સારું ગ્રહણ કરવાનું શીખીશું.

●

# (૩)

## વિશ્વાસે ચાલે વહાણ

વિદ્યાપીઠમાં પૂ.ગાંધીબાપુ રહે.
બધા સત્યાગ્રહીઓ પણ રહે.
સત્ય અને અહિંસા એ ગાંધીબાપુની વિચારધારા.
આ વિચારો લોકો સુધી કેવી રીતે પહોંચે?
ગાંધીબાપુએ નવજીવન નામે એક સામયિક શરૂ કર્યું.
આ નવજીવન સામયિક ફેરિયાઓ દ્વારા બધે પહોંચતું.
આ ફેરિયા કેવળ ફેરિયા ન હતા, પરંતુ ગાંધીબાપુના રાહે ચાલનારા સ્વયં સેવકો હતા.
આની વ્યવસ્થા સ્વામી આનંદ સંભાળતા.
એમની મદદમાં આપણા પાંડુરંગને રાખ્યા.
સ્વામી આનંદે પાંડુરંગને કામ સોંપ્યું કે ફેરિયા માગે તેટલી નકલ આપવી અને પૈસા ગણીને લેવા.
પાંડુરંગ તો એમની રીતે કામ કર્યે જતા હતા.
નકલો ફેરિયા લઈ જતા અને પૈસાનો હિસાબ મળી જતો.
એક દિવસની વાત છે.

સ્વામી આનંદ અને પાંડુરંગ બેઠા છે.
બંને વાતો કરે છે. ત્યાં સ્વામી આનંદે પૂછ્યું: "પાંડુરંગ! કેમ ચાલે છે નવજીવન સામયિકનું કામ?" હિસાબ બરાબર રાખો છો ને?
પાંડુરંગે કહ્યું કે 'હાજી! બધું બરોબર ચાલે છે.'
સ્વામી આનંદે ચેતવ્યા અને કહ્યું કે જો જો કોઇ છેતરી ના જાય.
નકલ બરાબર ગણીને આપવાની અને પૈસા ગણીને જાતે લેવાના.
ખોટો વિશ્વાસ રાખશો તો પસ્તાશો.
પાંડુરંગને ખૂબ દુ:ખ થયું. અરે! આપણા માણસો પર જ અવિશ્વાસ?
એમણે કહ્યું : હું તો જાતે ગણીને નકલ નથી આપતો અને પૈસા પણ ગણતો નથી.
સ્વામી તો દંગ થઇ ગયા.
પાંડુરંગે કહ્યું કે હું તો ફેરિયાના વિશ્વાસે જ રહું છું.
એમને કહી દઉં છું કે જેટલી નકલ જોઇએ તેટલી જાતે ગણીને લઇ લો અને એના જેટલા પૈસા થાય તેટલા ત્યાં ગલ્લામાં નાંખી દો અને આમ છતાં કોઇ દિવસ નકલ ખૂટી નથી કે

પૈસા ઓછા નીકળ્યા નથી.

આ સાંભળ્યા પછી પણ સ્વામી આનંદે પાંડુરંગને શિખામણ આપી કે ફેરિયા ઉપર આવો આંધળો વિશ્વાસ ના મૂકાય? આમ કરશો તો કોઈ દિવસ મને મુશ્કેલીમાં મૂકશો. આવા કામમાં વિશ્વાસ નહિ. જાતે ગણવાનું. કોઈના પર પણ ભરોસો નહિ રાખવાનો.

પાંડુરંગને તો આઘાત લાગ્યો.

અરે! જે ફેરિયાઓ સવારની કડકડતી ઠંડીમાં આવે. જે ફેરિયાઓ ગાંધીજીની વિચારધારાને બધે ફેલાવે. એવા ફેરિયા માટે આવો હલકો વિચાર?

પાંડુરંગના ગળે સ્વામી આનંદની વાત ન ઉતરી. એમનો તો વિશ્વાસ હતો કે : વિશ્વાસે જ વહાણ ચાલે. શ્રદ્ધા અને વિશ્વાસ વિનાનું જીવન કેવું હોય?

●

# (૪)

## દંભના દુશ્મન : પાંડુરંગ

પાંડુરંગમાં દેવભક્તિ અને દેશભક્તિ બંને.
પાંડુરંગ સત્યના આગ્રહી.
સાચું બોલે, સાચી વ્યક્તિમાં વિશ્વાસ મૂકે.
સાચને આંચ નહીં.
વિશ્વાસે વહાણ ચાલે એવું માને અને જીવે.
બીજાને જુઠું બોલતાં જુએ તો અણગમો થાય.
જેવું વિચારો તેવું જ બોલો.
જેવું બોલો તેવું જ વર્તો.
જીવન પારદર્શક હોવું જોઇએ.
કહેવાનું કંઇ અને કરવાનું કંઇ એ કેમ ચાલે?
વાણી અને વર્તન જુદા ન ચાલે.
એ તો જુઠાણું કહેવાય- દંભ કહેવાય.
સ્વામીઆનંદની વાત ન ગમી.
એ કામ એમણે પડતું મૂક્યું.
આવી રીતે મારાથી કામ ના થાય.
આ દંભી વર્તન દૂર થવું જોઇએ.
આપણા પાંડુરંગે છાપામાં 'કટાર' લખવા માંડી.
કટારનું નામ 'ભાંગનો લોટો' રાખ્યું.

ભાષા આકરી. વાંચનારની છાતીમાં પેસી જાય.
દંભનો પડદો ચિરવાનું કામ હોંશિયારીથી થાય.
ગાંધી વિચારના પ્રચારકોમાં પણ દંભ જોયો.
પત્રકારત્વમાં પણ દંભ જોયો.
દંભના દુશ્મન પાંડુરંગ મૂંઝાયા.
આખરે આ પંથ છોડી દીધો.
દંભ ન હોય એવું કામ કરવાનું નક્કી કર્યું.
એવું કામ એટલે ભણાવવાનું કામ.
શિક્ષણમાં દંભ નહિ હોય એમ પાંડુરંગને લાગ્યું.
મા સરસ્વતીના ખોળે બેસવાનું નક્કી કર્યું.

●

# (૫)

## સંસ્કૃતપ્રેમી શિક્ષક

પાંડુરંગમાં દેવ માટે પ્રેમ, દેશ માટે પ્રેમ.
પાંડુરંગમાં સંસ્કૃત માટે પ્રેમ, સંસ્કૃતિ માટે પ્રેમ.
સંસ્કૃત એ દેવોની ભાષા ગણાય.
સંસ્કૃત એટલે સંસ્કારથી ભરેલી ભાષા.
સંસ્કૃત એ વૈભવથી ભરેલી ભાષા.
સંસ્કૃતનું વ્યાકરણ અઘરું, મહેનત માગી લે.
પણ એક વાર સંસ્કૃત પર પ્રભુત્વ આવે પછી તો માણસ મહેકતો થઈ જાય.
ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ.
દેશની આઝાદી, સત્ય, અહિંસાના વિચારોવાળી રાષ્ટ્રીય શાળાઓ શરૂ થઈ.
બધે આઝાદીના શંખ ફૂંકાયા.
અમદાવાદમાં આવી એક રાષ્ટ્રીય શાળા.
શાળાનું નામ આદર્શ વિનય મંદિર.
આ શાળામાં દેશભક્તિને વરેલા દેશભક્તો શિક્ષક તરીકે જોડાયા.
આપણા પાંડુરંગ પણ શાળામાં જોડાયા.
એ સંસ્કૃતવિષયના શિક્ષક બન્યા.

સંસ્કૃત પ્રેમી શિક્ષક.
પાંડુરંગ પોતે સુસંસ્કૃત.
એમને સંસ્કૃત ભણાવવાનું ખૂબ ગમે.
સંસ્કૃત ભાષા પર એમનો જબરો કાબૂ.
શાળામાં વિદ્યાર્થીઓમાં પ્રિય શિક્ષક બન્યા.

•

## (૬)

## 'ગીર્વાણ ભાષા પ્રવેશ'ની રચના

ગીર્વાણ એટલે દેવ.
ગીર્વાણભાષા એટલે દેવની ભાષા.
દેવોની ભાષા એટલે સંસ્કૃતભાષા.
પાંડુરંગ શાળામાં ભણતા ત્યારથી જ સંસ્કૃતભાષા ગમે.
સંસ્કૃતનું વ્યાકરણ અઘરું પણ પાંડુરંગને વ્યાકરણ પર સરસ પકડ.
કૉલેજમાં તો સંસ્કૃતમાં વાતો કરતા હતા.
આવા પાંડુરંગ સંસ્કૃતના શિક્ષક બન્યા.
આદર્શ વિનય મંદિરમાં વિદ્યાર્થીને સંસ્કૃત ભણાવે.
ભણાવે ખૂબ સરળ રીતે અને સરસ રીતે.
વિદ્યાર્થીઓ શિક્ષકને દેવ માને.

આચાર્યદેવો ભવ ।
પણ આપણા પાંડુરંગ તો વિદ્યાર્થીને દેવ માને.
એમણે સૂત્ર આપ્યું: છાત્રદેવો ભવ ।
વિદ્યાર્થી વિદ્યાથી શોભે.
વિદ્યા વિનયથી શોભે.
શિક્ષક વિદ્યાર્થીથી શોભે.
સંસ્કૃતનું વ્યાકરણ શીખવવાની નવી નવી રીતો શોધી.
નવી રીત અને ટૂંકી રીત.
ટૂંકી રીત અને સરળ રીત.
આવી બધી ખૂબીઓની નોંધ રાખી.
વિદ્યાર્થીને વ્યાકરણ અઘરું ન લાગે એ જુએ.
વિદ્યાર્થીને વ્યાકરણ ગોખવું ન પડે એવું શોધે.
વિદ્યાર્થીને સંસ્કૃતમાં રસ જાગે એવું નવું નવું કરે.
શિક્ષક તરીકેની મહેનતથી કરેલી નોંધો, શોધેલી નવી રીતો, સારા વાક્યો, સારા શ્લોકો બધું સાચવેલું.
આ બધાને પુસ્તકના રૂપમાં રજૂ કર્યું.
પુસ્તકનું નામ રાખ્યું: 'ગીર્વાણ ભાષા પ્રવેશ'.
પાંડુરંગે આગવું એવું પુસ્તક રચ્યું.

## (૭)

## પુસ્તકની માન્યતા

પાંડુરંગે શાળાના વિદ્યાર્થી માટે પુસ્તક રચ્યું.
નામ આપ્યું: ગીર્વાણ ભાષા પ્રવેશ.
સંસ્કૃતના વ્યાકરણને લગતું પુસ્તક.
પુસ્તક માન્યતા પામે પછી જ શાળામાં ચાલે.
લેખકે પોતાનું પુસ્તક માન્ય કરાવવું પડે.
આવી માન્યતા ગુજરાત વિદ્યાપીઠ સંસ્થા આપે.
ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર (Registrar) પુસ્તક જુએ, ચકાસે અને યોગ્ય લાગે તો જ માન્યતા આપે.
એ વખતે મહામાત્ર હતા: શ્રીકિશોરલાલ ઘનશ્યામભાઈ મશરૂવાળા.
કિશોરભાઈ પોતે પણ સંસ્કૃતના સારા જાણકાર.
અભ્યાસુ પણ ખૂબ.
માન્યતા આપતા પહેલાં ઊંડી તપાસ કરે, છણાવટ કરે.
એમણે આપણા પાંડુરંગનું પુસ્તક જોયું.
ઊંડાણથી તપાસ્યું અને કેટલાક પ્રશ્નો પૂછ્યા.
એ પ્રશ્નોના સંતોષકારક ઉત્તર મળે પછી જ

માન્યતા આપવાની હતી.

મશરૂવાળાએ પૂછેલા પ્રશ્નોના પાંડુરંગે ખૂબ જ નમ્રતાથી સચોટ જવાબો આપ્યા.

જવાબમાં વિનય હતો પણ જે કહેવું જોઇએ તે સચોટ રીતે કહેવામાં આવ્યું હતું.

મુ.કિશોરલાલ અતિ વિદ્વાન વ્યક્તિ.

પણ આપણા પાંડુરંગ કાંઇ ઓછા વિદ્વાન ન હતા.

મુ.કિશોરભાઇએ પ્રશ્નો તો ઘણા પૂછ્યા હતા પણ પુસ્તકના શિર્ષક અંગેનો પ્રશ્ન પાંડુરંગને અકળાવી ગયો.

●

# (૮)

## પ્રશ્નનો સચોટ પ્રત્યુત્તર

આપણા પાંડુરંગનું પુસ્તક માન્યતા માટે ગયું.
મહામાત્ર કિશોરભાઈએ સરસ અભ્યાસ કર્યો.
કેટલીક શંકા કરી. કેટલાક પ્રશ્નો પૂછ્યા.
આ પ્રશ્નો લેખકને ઉદ્દેશીને પૂછવામાં આવ્યા હતા.
પહેલી શંકા ગીર્વાણ શબ્દના અર્થ વિશે હતી.
પ્રશ્ન હતો: શું ગીર્વાણ એટલે દેવ?
શ્રી પાંડુરંગે સંસ્કૃત માટે દેવભાષાને બદલે ગીર્વાણભાષા શબ્દનો પ્રયોગ કર્યો હતો.
આ પ્રશ્નથી પાંડુરંગને દુ:ખ થયું.
પોતાનું સ્વમાન ઘવાયું હોય એમ લાગ્યું.
વળી પુસ્તકના શિર્ષક અંગે શંકા કરી તેથી છંછેડાયા.
એમણે સચોટ અને વેધક જવાબ આપ્યો.
એ જવાબમાં એમની સ્વમાનની ખુમારી હતી અને સામી વ્યક્તિનું ધ્યાન દોરવારૂપ ચેતવણી હતી.
પાંડુરંગે લખ્યું કે લેખક ગમે તે હોય અને ગમે તેવો હોય તો પણ એ પુસ્તકના શિર્ષક વિશે

ખૂબ જ સજાગ હોય છે. એમાં તો એ કદી ભૂલ કરતો નથી.

પરંતુ ગીર્વાણનો અર્થ દેવ થાય એ તમને ખબર ન હતી તો તમારે શબ્દકોષ જોવાની જરૂર હતી. તમે શબ્દકોષ (Dictionary) જોવાને બદલે સીધી લેખક પર જ શંકા કરી? પછી પાંડુરંગે જણાવ્યું કે સામાન્ય રીતે તો સંસ્કૃતમાં એક શબ્દના અનેક અર્થ હોય છે પરંતુ આ ગીર્વાણ શબ્દનો તો એક અને એક માત્ર અર્થ છે: 'દેવ'.

બધા પ્રશ્નોના ખૂબ સચોટ જવાબ આપ્યા.

આ જવાબમાં એમની વિદ્વત્તા, તર્કબદ્ધતા, નિષ્ઠા, અભ્યાસ અને સાચું કહેવાની હિંમતના દર્શન હતાં.

આપણી સાચી વાત વિવેકપૂર્વક પણ સચોટતાથી રજૂ કરવાની હિંમત તો હોવી જ જોઈએને!

પુસ્તકને પાઠ્યપુસ્તક તરીકે મંજૂરી મળી ગઈ.

## (૯)

## ન્યારા અને નિરાળા શિક્ષક

પાંડુરંગ રાષ્ટ્રીય શાળામાં નોકરી કરે.
શાળાનું નામ આદર્શ વિનય મંદિર.
પાંડુરંગ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભણાવે.
શિક્ષક પણ કેવા?
આદર્શોથી ભરેલાં.
સત્યના આગ્રહી.
સમયપાલનના આગ્રહી.
નિયમપાલનના આગ્રહી.
સંયમના આગ્રહી.
ખોટું કરવું નહિ અને શિક્ષક તરીકેની ફરજ ચૂકવી નહિ.
આડી અવળી વાત નહિ, ખોટી પંચાત નહિ.
હું ભલો ને મારું કામ ભલું.
એક દિવસની વાત છે.
સ્કૂલમાં નિરીક્ષણ (Inspection) કરવા નિરીક્ષક (Inspector) સાહેબ આવ્યા.
નિરીક્ષક વર્ગે વર્ગે ફરે.
વર્ગમાં જાય. વિદ્યાર્થીઓને સવાલો પૂછે.
શિક્ષક કેવું ભણાવે છે તેનો ખ્યાલ આવે.

નિરીક્ષક તો એક વર્ગમાંથી બીજા વર્ગમાં અને બીજા વર્ગમાંથી ત્રીજા વર્ગમાં જવા લાગ્યા.
ત્યાં તો આશ્ચર્ય થાય એવું બન્યું.
નિરીક્ષકે જોયું તો વર્ગમાં વિદ્યાર્થીઓ છે પણ શિક્ષક નથી.
શિક્ષક નથી છતાં નથી અવાજ કે નથી તોફાન મસ્તી.
સૌ વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક પોતાનું કામ કરે છે.
સ્વયં શિસ્તપાલનનો અદ્‌ભુત નમૂનો.
નિરીક્ષકે આચાર્ય સામે જોયું.
આચાર્ય હતા રામશંકરભાઇ.
તેમને પૂછ્યું કે શિક્ષક ક્યાં છે?
વર્ગમાં શિક્ષકની હાજરી કેમ નથી?
આચાર્યે કહ્યું કે સાહેબ! એ શિક્ષક રોજ આ સમયે જમવા માટે ઘરે જાય છે.
નિરીક્ષક તો દંગ થઇ ગયા.
એમણે કહ્યું કે આ તે કાંઇ જમવાનો સમય છે? હજી તો સવારના નવ પણ નથી વાગ્યા.
તમે આવી પરવાનગી કેમ આપી?

●

# (૧૦)

## નિષ્ઠામૂર્તિ પાંડુરંગ

શિક્ષક પાંડુરંગ ચાલુ વર્ગે જમવા ગયા તેથી નિરીક્ષક તો આશ્ચર્યમાં ડૂબી ગયાં.

આચાર્ય રામશંકરભાઈને જરા કડક અવાજમાં પૂછ્યું કે તમે શિક્ષકને આવી છૂટ કેમ આપો છો?

એ તમારી રજા લઈને જાય છે?

આચાર્ય શ્રી રામશંકરે કહ્યું કે સાહેબ! નોકરી સ્વીકારતા પહેલાં જ એમણે સ્પષ્ટતા કરી હતી કે હું રોજ આઠ વાગે જમવા જઈશ.

અમે હા કહી હતી કારણકે એમના જેવા નિષ્ઠાવાન શિક્ષક ક્યાં મળે?

બીજા પ્રશ્નનો જવાબ આપે એટલામાં તો પાંડુરંગ વળામે આવી પહોંચ્યા.

શિક્ષકે નિરીક્ષકને નમસ્તે કર્યા.

નિરીક્ષકે પૂછ્યું કે 'આટલું વહેલું જમવાનું હોય?' પાંડુરંગે સામું પૂછ્યું કે આને તમે વહેલું કો'છો? તમારા બધા કરતાં હું એક કલાક મોડો જમું છું.

નિરીક્ષક તો વળી પાછા મૂંઝાયા.

વિચારવા લાગ્યા કે એક તો આઠ વાગે જમે છે અને પાછું કહે છે કે તમારા કરતાં એક કલાક મોડો જમું છું. કમાલની વાત છે.

નિરીક્ષકે પૂછ્યું "કેવી રીતે મોડા જમો છો તે સમજાવો."

પાંડુરંગે કહ્યું કે સાહેબ! તમે બધા છ વાગે ઊઠીને અગિયાર વાગે જમો છો. બરાબર! એટલે કે ઊઠ્યા પછી પાંચ કલાકે જમો છો.

મારો સૂરજ બે વાગે ઊગે છે અને હું આઠ વાગે જમું છું.

એટલે કે ઊઠ્યા પછી છ કલાકે જમું છું.

સાહેબ! એક કલાક મોડો જમું છું કે નહિ?

નિરીક્ષક તો ખડખડાટ હસી પડ્યા.

પછી પાંડુરંગે કહ્યું કે સાહેબ! શિક્ષકની ગેરહાજરીમાં જ એના શિક્ષણકાર્યનું સાચું નિરીક્ષણ કરી શકાય.

હું વર્ગમાં ન હતો છતાં વિદ્યાર્થીઓનું વર્તન કેવું હતું? શાંતિ અને શિસ્ત હતા કે નહિ?

નિરીક્ષક રાજી રાજી થઈ ગયા અને મનમાં ને મનમાં પાંડુરંગને અભિનંદન આપતાં આપતાં જતાં રહ્યાં.

●

# (૧૧)

## છાત્ર(વિદ્યાર્થી)ની છેતરપીંડી

સદ્વર્તન દ્વારા પરિવર્તન.
ઠપકો આપ્યા વિના, સામાનું માન સાચવીને સત્યનું ભાન કરાવે તે શિક્ષક.
ધીરજનાં ફળ મીઠાં.
સહન કરે તે શિક્ષક.
સમજદારી જીવી બતાવે તે શિક્ષક.

આપણા પાંડુરંગ શાળામાં નોકરી કરે.
વિદ્યાર્થીને માન આપે. વિદ્યાર્થીને દેવ ગણે.
છાત્રદેવો ભવ ।
અઠવાડિયામાં ગુરુવારે ઉપવાસ કરે.
ઉપવાસમાં એક વાર પેંડા ખાય.
પેંડા પણ દોઢ પાશેર (૧૫૦ ગ્રામ) જેટલા જ.
દર ગુરુવારે એક જ સરખો કાર્યક્રમ.
એક જ દુકાનેથી પેંડા મંગાવવાના.
લેવા જનારો વિદ્યાર્થી પણ એક જ.
વિદ્યાર્થી પેંડા લાવે અને વધેલા પૈસા પાછા આપે.
પાંડુરંગ પૈસા ખિસ્સામાં મૂકી દે.
પૈસા ગણે પણ નહિ.

વિદ્યાર્થીમાં એવો વિશ્વાસ.
એને દેવ કહ્યો પછી અવિશ્વાસ કેમ કરાય?
પાંડુરંગનો વિશ્વાસ જોઈને વિદ્યાર્થીની દાનત બગડી.
સાહેબ પરચુરણ ગણતાં નથી એ જોયું એટલે વધેલા પૈસામાંથી થોડી રકમ ગજવામાં મૂકવા માંડી.
પેંડામાં પણ ગોલમાલ ચાલી.
ઓછા લાવે અને પૈસા ગજવામાં મૂકે.
પેંડા બરાબર લાવે તો જાતે જ એક-બે પેંડા ખાઈ જાય.
બાકીના સાહેબને આપે.
પાંડુરંગ તો કશું બોલે નહિ, કશું પૂછે નહિ.
વિદ્યાર્થીને તો મઝા પડી ગઈ.
આવા સાહેબ તો ક્યાં મળે?
ભાગ્યશાળી હોય તેને આવી મઝા મળે.
છાત્ર શિક્ષકને છેતરતો હતો પરંતુ ખરેખર તો એ જ છેતરાતો હતો.
આચાર્ય દેવો ભવ ।

●

## (૧૨)

# રે પસ્તાવો વિપુલ ઝરણું!

વિદ્યાર્થી તો પેંડા કે પૈસામાં છેતરપીંડી કર્યે જ જતો હતો.

પણ એક દિવસ એનું અંતઃકરણ ડંખ્યું.

એ વિચારે ચઢી ગયો.

આ હું શું કરું છું? આ મેં શું કર્યું?

મેં સાહેબને છેતર્યા?

શિક્ષક તો ભગવાન કહેવાય.

મેં ભગવાનને છેતર્યા?

એણે મારામાં વિશ્વાસ મૂક્યો તો મેં વિશ્વાસઘાત કર્યો.

વિશ્વાસઘાત તો કરાય જ નહિ.

બસ! વિદ્યાર્થી તો વિચારે ચઢી ગયો.

જેમ જેમ વિચારતો જાય તેમ તેમ હૈયું ભરાતું જાય, મન મૂંઝાતું જાય.

દુઃખ અને પસ્તાવાથી હૈયુ ઉભરાતું જાય.

મનમાં ચેન નથી.

મન રડું રડું થઇ ગયું.

એ તો થઇ ગયો ઊભો અને સીધો આવી પહોંચ્યો સાહેબ પાસે.

સાહેબને પગે લાગ્યો અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.
પાંડુરંગે પહેલા તો રડવા દીધો.
રડવાથી હૈયું હળવું થાય.
પાપનો ભાર ઓછો થાય.
મનની મૂંઝવણ ઓછી થાય.
મનને શાંતિ થાય.
પશ્ચાત્તાપ કરવાથી વ્યક્તિ પાવન થાય.
પછી પાંડુરંગે રડવાનું કારણ પૂછ્યું એટલે છોકરો તો પાછો વધુ રડવા લાગ્યો.
રડતાં રડતાં પોતે કરેલા અપરાધની વાત કરી.
'મને માફ કરો સાહેબ! હવે આવી ભૂલ કદી નહીં કરું' એમ કહી બધી વાત કરી.
પાંડુરંગે એને પાસે બેસાડ્યો.
માથે અને ખભે હાથ ફેરવ્યો.
એને શાંત પાડ્યો અને પછી કહ્યું કે જે થયું તે થયું. હવે આવું ના કરીશ, હોં!
તું કોઈ વાર ત્રણ પેંડા લાવે ને કોઈ વાર પાંચ પેંડા લાવે તો શિક્ષકને ખબર ન પડે?
વળી તું એક-બે પેંડા ખાઈ જતો હતો તો પેંડા લેવા જતો હતો તેનું કાંઈ ભાડું તો ચૂકવવું પડે કે નહિ?

તું જાતે જ ભાડું લઈ લેતો એટલે હું કશું આપતો ન હતો.
જા! હવે આનું દુ:ખ ન કરીશ.
તેં કબૂલ કર્યું એટલે બધું માફ.
તેં ભૂલ કરી પણ આખરે કબૂલ પણ કરીને!!
ભગવાન પણ ભૂલ કબૂલ કરનારને શિક્ષા નથી કરતો.
અને તું તો મારો વિદ્યાર્થી છે.
મારાથી તને શિક્ષા કેમ કરાય?
તેં કોઈ ગુનો કર્યો છે એવું હું માનતો નથી.
રડતા આવેલા વિદ્યાર્થીને હસતો કરી રવાના કર્યો.
પાંડુરંગની વિચારધારા હકારાત્મક (Positive) હતી.
બોલ્યા વિના, કહ્યા વિના સામાને સુધારવાની શક્તિ હતી.
સદ્‌વર્તન દ્વારા સામાનું પરિવર્તન કરવું તે આનું નામ.
શિક્ષકને સંત થતા બહુ વાર ન લાગે.
માતાની જેમ જ શિક્ષક વિદ્યાર્થીને પાવન **કરનાર** નથી પણ પાવન **ગણનાર** છે.

●

# (૧૩)

## ટકોરનો ટંકાર

પાંડુરંગ સ્વરાજ આશ્રમમાં રહે.
સ્વાશ્રયી જીવન-સાદું જીવન જીવે.
આદર્શ વિનય મંદિરમાં નોકરી કરે.
આદર્શભર્યું અને વિનયવાળું જીવન જીવે.
દેશભક્તિ નસનસમાં વહે.
ગાંધીજીએ હાકલ કરી: 'દારૂથી બરબાદી છે.
માટે લોકોને દારૂ પીતાં અટકાવો.'
દેશભક્તિને વરેલા યુવાનોએ હાકલ ઝીલી લીધી.
દારૂ પીવા જનારને રોકે, સમજાવે, વિનંતી કરે.
દારૂથી જીવનની બરબાદી છે.
દારૂથી ઘરની બાદબાકી છે.
દારૂ પીધા બાદ શું બાકી છે?
આ હાકલ પાંડુરંગે પણ ઝીલી.
અમદાવાદનો રીચી રોડ. (આજનો ગાંધીરોડ).
રીચી રોડ પર દારૂનું પીઠું.
પુરુષ અને સ્ત્રીઓ બધા દારૂ પીવા આવે.
પાંડુરંગ બધાને વિનયપૂર્વક સમજાવીને પાછા કાઢે.

એવામાં એક સ્ત્રી આવી.
પીઠામાંથી દારૂ પીને નીકળી.
ફાટેલા તૂટેલા કપડાં- તોછડી વાણી-મોંમાંથી દુર્ગંધની વાસ નીકળે.
પાંડુરંગે તો પગે લાગીને કહ્યું કે 'મા! તું શું કામ દારૂ પીએ છે?
તારું શરીર બગડે છે.
ઘરમાં ગરીબી છે.
તું દારૂ પીવાનું બંધ કરી દેને માડી!'
પાંડુરંગ સમજાવે પણ પેલી સ્ત્રી સમજે શાની?
રોજ આવે અને રોજ પાંડુરંગ સમજાવે.
સ્ત્રી બધું સાંભળે પણ કરે મનનું ધાર્યું જ.
દારૂ પીને લથડતે પગે બહાર નીકળી ઘરે જાય.
એક દિવસની વાત છે.
પાંડુરંગે જોયું કે પેલી સ્ત્રી આવે છે.
એ સ્ત્રીને પાછી વિનંતી કરી.
તું દારૂ ના પી' એ વાત ફરી ફરીને કરી.
તો પેલી સ્ત્રીએ સામું પૂછ્યું કે તને સવારે ચા પીવાની ટેવ છે કે નહિ?
પાંડુરંગે કહ્યું કે હા! મને ટેવ છે. સવારમાં મારે બે કપ ચા જોઈએ.

પેલી સ્ત્રીએ કહ્યું કે તને જેવું ચાનું વ્યસન છેતેવું મને દારૂનું વ્યસન છે, બસ!
તું ચાનો ગુલામ છે તો હું દારૂની ગુલામ છું.
આ બાઈની ટકોર પાંડુરંગના હૃદયને સ્પર્શી ગઈ.

•

## (૧૪)

## આચાર એજ ઉપદેશ

પાંડુરંગનું મન વ્યથિત છે.
પેલી દારુ પીતી બાઈની ટકોર હજુ ભૂલ્યા નથી.
'તું જેમ ચાનો ગુલામ છે તેમ હું દારૂની ગુલામ છું.'
પાંડુરંગ વિચારે ચઢી ગયા.
પેલી બાઈએ કહ્યું હતું તે ખોટું તો ન જ હતું ને!
મોટા માણસો પોતાની ટીકા ધ્યાનથી સાંભળે છે અને પછી એના પર વિચાર કરે છે, ચિંતન કરે છે.
પોતાનો દોષ જણાય તો દૂર કરવાનો પ્રયત્ન કરે છે.
પાંડુરંગને બાઈની ટકોર સાચી લાગી.
જો મને ચાનું વ્યસન હોય તો પેલી બાઈને હું કેવી રીતે દારૂનું વ્યસન છોડવાનું કહી શકું?
મારે પહેલા ચા છોડવી જોઈએ.

બસ! પાંડુરંગે મનોમન નક્કી કરી લીધું. અને એક વાર નક્કી કર્યું એટલે અમલમાં મૂકી દીધું.

પાંડુરંગે ચા છોડી દીધી.

ચા છોડી દીધા પછી, ચાની ગુલામીમાંથી મુક્ત થયા.

ચા છોડી દીધા પછી, ચાની ગુલામીમાંથી મુક્ત થયા પછી પાંડુરંગે પેલી સ્ત્રીને વાત કરી અને દારૂ છોડી દેવાની વિનંતી કરી.

પેલી સ્ત્રીનું હૃદય-પરિવર્તન થયું અને એણે દારૂ પીવાનું છોડી દીધું.

પાંડુરંગે એ સ્ત્રીને વંદન કર્યા.

એને મનથી ગુરુ માની.

એ સ્ત્રીએ જ એને શીખવ્યું કે પહેલા આચરણમાં ઉતાર અને પછી ઉપદેશ કર.

આચાર એ જ ઉપદેશ, એ જ સાચો જીવન મંત્ર.

●

# (૧૫)

## હીરા મુખસે ના કહે

બડો બડાઇ ના કરે મુખસે કહે ન બોલ,
હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ.

મોટો માણસ પોતાની મોટાઈની વાત ના કરે.
હોશિયારીની બડાશ ના હાંકે.
એ તો મોટો હોવા છતાં સામાન્ય માણસની જેમ જ વર્તે પણ સમજુ હોય તે તો સમજી જ જાય.
આપણા પાંડુરંગ પણ અંદરથી સાધના કરે.
સવારે બે વાગે ઊઠે.
કોઈ ના જાણે તેમ બધી સાધના કરે.
આમ છતાં સૂરજ ઢાંક્યો ઢંકાય ખરો કે?
કસ્તુરી ઢાંકવાથી એની સુવાસ છાની રહે ખરી કે?
એક સંન્યાસી હતા.
તેમણે પાંડુરંગને જોયાં.
જોતાંની સાથે જ પ્રભાવિત થઇ ગયાં.
એમને પાંડુરંગની દિવ્યતા દેખાઇ ગઇ.
એમને લાગ્યું કે આ કોઈ સામાન્ય વ્યક્તિ નથી.
આ દિવ્યશક્તિ ધરાવતો દિવ્ય પુરુષ છે.
એમના મનમાં એક ઇચ્છા જાગી.

સંન્યાસી તો ગયા પાંડુરંગની પાસે.
એમની પાસે બેઠા.
અને કહ્યું મારી એક વિનંતી છે.
પાંડુરંગ તો શરમાઈ ગયા.
સંકોચ પામી ગયા.
આપ સંન્યાસી છો.
આપથી આવું ન કહેવાય.
તમારે વિનંતી કરવાની ના હોય.
તમારે તો આજ્ઞા કરવાની હોય.
સંન્યાસીએ કહ્યું કે નારદ વિરચિત એક સ્તોત્ર છે.
સ્તોત્રનું નામ છેઃ દત્તાત્રેય સ્તોત્ર.
આ સ્તોત્ર મને તમે તમારા હસ્તાક્ષરમાં નહિ લખી આપો?
પાંડુરંગ બોલ્યા કે અરે! કેમ નહિ.
હું લખી આપીશ.
સંન્યાસીને આનંદ થયો.
પરંતુ પાંડુરંગે કહ્યું કે એનું પછી શું કરશો?
સંન્યાસી બોલ્યા કે તમો તમારા હાથે સ્તોત્ર લખો અને મને આશીર્વાદ સાથે આપો તો મારે એનું અનુષ્ઠાન કરવું છે.
કેવું અનુષ્ઠાન? શા માટે અનુષ્ઠાન? પાંડુરંગે પૂછ્યું.

સંન્યાસી બોલ્યા કે મને તમારામાં વિશ્વાસ છે.
મને તમારા આશીર્વાદમાં વિશ્વાસ છે.
મને અનુષ્ઠાનમાં પણ વિશ્વાસ છે.
જો હું આ સ્તોત્રના દસ હજાર પાઠનું અનુષ્ઠાન કરું તો મને જગદ્‌ગુરુ શંકરાચાર્યનું પદ જરૂરથી મળશે.
પાંડુરંગે સ્તોત્ર લખી આપ્યું.
સંન્યાસીએ અનુષ્ઠાન કર્યું.
સંન્યાસીનું અનુષ્ઠાન ફળ્યું.
એ સંન્યાસી દ્વારકાપીઠના ચંદ્રશેખરાશ્રમ સ્વામી થયા.
એક સંન્યાસી આવો સંકલ્પ કરે અને તે સંકલ્પ ફળે.
તો આપણા પાંડુરંગ કેવી દિવ્યશક્તિ ધરાવતા હશે.
હીરાની પરખ ઝવેરીને હોય.
સામાન્ય માણસને રત્નની-હીરાની શું જાણકારી હોય?
અને હીરો પોતે તો મુખથી ના જ કહે ને કે હું તો ખૂબ કિંમતી છું.
બડો બડાઈ ના કરે તે આનું નામ.

# (૧૬)

## વાઘને ભગાડ્યો :

આપણા પાંડુરંગ શાળામાં નોકરી કરે.
બહારથી બધા સાથે હળે-મળે.
પણ અંદર તો પ્રભુ-દર્શનની લગની લાગેલી.
પ્રભુના દર્શન માટે સાધના કરે.
સાધના કરે પણ કોઈને ખબર ના પડવા દે.
બધા સૂતેલા હોય ત્યારે બે વાગે ઊઠે.
ધ્યાન કરે- મંત્ર જાપ કરે અને ઊંડું ચિંતન કરે.
કોઈ એકાંત સ્થળ મળી જાય તો કેવું સારું?
સ્થળની શોધ માટે મિત્રો સાથે પ્રવાસના પ્રસંગો ઊભા કરે.
વાત પ્રવાસની પણ શોધ સાધના માટેના સ્થાનની.
સાધનાને કારણે પાંડુરંગને ભગવાનમાં પૂરો વિશ્વાસ.
કોઈથી ડરે નહિ. કોઈની બીક નહીં.
એક વાર મિત્રો સાથે પ્રવાસે નીકળ્યાં.
ઉત્કંઠેશ્વર અને કેદારેશ્વરના પ્રવાસે.
ભગવાન શંકરનું સરસ મઝાનું મંદિર.
ઉત્કંઠેશ્વર થઈને ગયા કેદારેશ્વર.
કેદારેશ્વરની આજુબાજુ જંગલ-ઝાડી ખૂબ.

એક નાની ધર્મશાળા.
મિત્રોએ રાત્રે ત્યાં જ મુકામ કર્યો.
મુકામ તો કર્યો પણ બધા સાવધ હતાં.
રાત્રે કોઈ કોઈ વાર અહીં વાઘ આવે છે એમ ચેતવ્યાં હતાં.
રાત્રે સૂતાં પહેલાં બારણું બરાબર બંધ કર્યું.
વાતો કરતાં કરતાં બધા સૂઈ ગયાં.
પાંડુરંગ પ્રભુની પ્રાર્થના કરીને સૂઈ ગયાં.
રાત્રે પ્રભુની પ્રાર્થના કરવાથી સરસ ઊંઘ આવે.
મન નિર્ભય બને.
બધાના પર પ્રેમ જન્મે.
બધા ઘસઘસાટ ઊંઘતા હતાં.
ત્યાં તો વાઘે ત્રાડ પાડી.
નજીકથી ત્રાડ પાડેલી એટલે બધા જાગી ગયા.
મકાનનું બારણું બંધ હતું.
સળિયાથી મકાન રક્ષિત હતું.
પરંતુ છૂટો વાઘ કોઈ દિ જોયેલો નહિ.
અને આવી ત્રાડ સાંભળેલી નહિ.
મિત્રો તો બધા થર થર ધ્રૂજવા લાગ્યા.
હવે શું થશે?
વાઘ અંદર આવે તો?
જાત જાતની શંકા-કુશંકા મનમાં થવા લાગી.

અંદર મિત્રો સાથે પાંડુરંગ ને બહાર જંગલનો રાજા વાઘ.
રાત્રિનો સમય- અંધારું ઘોર અને બધા એકલાં.
વાઘ તો ઉપરા છાપરી ત્રાડ પાડવા લાગ્યો.
એને પણ માણસની ગંધ આવી ગઇ હતી.
એને પણ ખબર પડી ગયેલી કે અહીં ઘણા માણસો છે.
બધા બીકના માર્યા ધ્રૂજે.
થર થર થર થર ધ્રૂજે.
ત્યાં શું થયું?
પાંડુરંગના મનમાં વિચાર ઝબક્યો.
હાથમાં લીધો ડંગોરો.
બારણું ખોલ્યું. બહાર ગયા.
બહાર જઇને એણે સામે ત્રાડ પાડી.
'ગુરુદેવ દત્ત' 'ગુરુદેવ દત્ત'.
વાઘે પાંડુરંગની ગર્જના સાંભળી.
સાંભળતાં જ ઊભી પૂંછડીએ ભાગી ગયો.
મિત્રો તો જોતાં જ રહી ગયાં.
અહિંસાના પૂજારીની ગર્જનાથી હિંસાખોર પશુ પણ જતા રહે.

●

# (૧૭)

## પ્રવાસમાં પ્રભુ-આદેશ :

પાંડુરંગની અંતર સાધના જોર પકડતી હતી.
સ્થળની શોધ ચાલુ જ હતી.
શોધ માટે મિત્રો સાથેનો પ્રવાસ પણ ચાલુ જ હતો.
કોઈ વાર ઉત્કંઠેશ્વર-કેદારેશ્વર જાય તો કોઈ વાર આબુ-અંબાજીના પ્રવાસે જાય.
પહાડો ખૂંદે- જંગલોમાં ફરે પણ મન ઠરે નહિ.
એક વખતની વાત છે.
શાળામાં નાતાલનું વેકેશન પડ્યું.
ડિસેમ્બર મહિનો એટલે ઠંડી પણ ખરી.
મિત્રો સાથે રેવા નદીના કાંઠે પ્રવાસે નીકળ્યા.
મિત્રો સાથે ફરે પણ ધ્યાન તો સાધના માટેનું સ્થાન શોધવામાં જ.
પ્રવાસમાં રાત્રિ મુકામની મઝા કંઈ ઓર હોય છે.
મિત્રો સાથે આવ્યા ઈન્દ્રવર્ણા ગામ.
આ તીરે ઈન્દ્રવર્ણા અને સામે તીરે ગરુડેશ્વર.
ગરુડેશ્વર એટલે સ્વામી મહારાજનું સમાધિ સ્થાન.

સ્વામી મહારાજ એટલે વાસુદેવાનંદ સરસ્વતી (ટેંબે) મહારાજ.
આ જ સ્વામીજીના પાંડુરંગે વાડીમાં દર્શન કરેલાં.
આ જ સ્વામીજીએ પાંડુરંગને પૂછેલું કે:
તું કોનાચા મૂલગા? તું કોનો દીકરો?
જનોઈનો પ્રસંગ પાંડુરંગને યાદ આવી ગયો.
ગામ ઈન્દ્રવર્ણા.
મહાદેવનું મંદિર. અને રાત્રિ મુકામ.
રાત્રે બધા સૂઈ ગયા.
પાંડુરંગે પ્રભુને પ્રાર્થના કરી.
પ્રભુ સાથે વાત કરવાનો સુંદર સમય જ આ.
પ્રાર્થના દ્વારા ભગવાનને બધું કહી શકાય.
પાંડુરંગ તો ઘસઘસાટ ઊંઘી ગયા.
મળસ્કે પાંડુરંગને સ્વપ્નું આવ્યું.
સ્વપ્નમાં સ્વામી મહારાજે દર્શન દીધાં.
પાંડુરંગ તો પ્રેમથી દર્શન કરી રહ્યાં.
ત્યાં સ્વામીજી બોલ્યા કે:
તું જપ સહિત દત્તપુરાણના ૧૦૮ પારાયણ કર.
જપ માટેનો મંત્ર પણ કહ્યો.
આવો આદેશ કરીને ગુરુમહારાજ અંતર્ધાન થઈ ગયા.

પાંડુરંગ જાગી ગયાં.
આનંદ આનંદ થઈ ગયો.
કોઈને કહ્યું નહિ પણ દત્તપુરાણ દત્તપુરાણનું રટણ શરૂ થઈ ગયું.

•

## (૧૮)
## મીઠી મૂંઝવણ:

ઈન્દ્રવર્ણા ગામ.
તેનું શિવાલય.
અને શિવાલયમાં થયેલો સ્વપ્નાદેશ.
પાંડુરંગ તો આનંદમાં આવી ગયાં.
જે સ્વામી મહારાજે યજ્ઞોપવીત પ્રસંગે આશીર્વાદ આપ્યા હતા તે જ સ્વામી મહારાજે જપ સહિત દત્તપુરાણના ૧૦૮ પારાયણ કરવાનો આદેશ કર્યો અને મંત્ર પણ આપ્યો.
હવે પાંડુરંગ નીકળ્યા દત્તપુરાણની શોધમાં.
પાંડુરંગે સંસ્કૃત ગ્રંથો ઘણા વાંચેલાં.
પુરાણો પણ વાંચેલાં.
વેદ વ્યાસના અઢાર પુરાણો જોયાં.

મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, વરાહ પુરાણ, ગરૂડ પુરાણ વગેરે વગેરે.
એ બધા પુરાણોમાં ક્યાંયે દત્તપુરાણ ના મળે.
સંસ્કૃતના જાણકારોને પૂછે તો પણ જવાબ ના મળે.
વિદ્વાન પણ સામો પ્રશ્ન પૂછે કે દત્તપુરાણ?
આ નામ તો અમે કોઈ દિ સાંભળ્યું જ નથી.
પાંડુરંગને મીઠી મૂંઝવણ થઇ.
મન મૂંઝાયું.
આ સ્વપ્નાદેશ હશે કે મારા મનની ભ્રમણા?
પણ આ તો આપણા પાંડુરંગ.
એમને વિચાર આવ્યો કે હું શું કામ ખોટી ચિંતા કરું છું?
જેણે મને પારાયણ કરવાનું કહ્યું છે તે જ ગ્રંથ પણ મેળવી આપશે.
મીઠી મૂંઝવણ ટળી ગઇ.
પાંડુરંગના મનને રાહત મળી ગઇ.

●

# (૧૯)

## શાળાની નોકરી છોડી

પાંડુરંગ શાળામાં શિક્ષકની નોકરી કરે.
શાળાનું નામ આદર્શ વિનય મંદિર.
સંસ્કૃત વિષય પ્રેમથી ભણાવે.
સંસ્કૃત સાહિત્ય માનવીને સંસ્કૃત બનાવે.
સંસ્કૃતભાષા માનવીને સંસ્કૃતિ પ્રિય બનાવે.
પાંડુરંગ વિદ્યાર્થીને મનથી દેવ માનીને ભણાવે.
બહારથી નોકરી કરે અને અંદરથી સાધના કરે.
આદર્શોથી જીવનને ભરી દીધેલું.
સાચું બોલવું. નિયમપાલન કરવું.
શિસ્ત પાલન કરવું.
એવામાં શાળાના સંચાલકોમાં વિવાદ જાગ્યો.
શાળાના ભાગીદારોમાં મતભેદ થયા.
સાથે બેસીને કામ કરનારા સામે બેસી ગયાં.
શાળાનું વાતાવરણ બગડી ગયું.
પાંડુરંગને ખૂબ દુઃખ થયું.
અરે! આ શાળા તો સરસ્વતીનું મંદિર કહેવાય.
આ મંદિરના પૂજારીઓ લડે? ઝઘડે?
હવે શું થાય? શું કરું? શું કરવું જોઈએ?

સાધનાની લગન તો હતી જ.
દોડવું હતું અને ઢાળ મળ્યો.
બસ! પાંડુરંગે શાળા છોડી દીધી.
ભગવાન દોરવણી આપતો હતો,
પાંડુરંગ દોરાયે જતાં હતાં.

•

## (૨૦)

## સાહિત્યસર્જન

શાળાની નોકરી પાંડુરંગે છોડી દીધી.
મન હળવું ફૂલ થઇ ગયું.
સારા માણસોની- સારા શિક્ષકોની તો બધાને જરૂર.
અમદાવાદ શહેર.
એમાં એક મોટા મિલમાલિક રહે.
મિલ માલિકનું નામ અંબાલાલ સારાભાઇ.
એમને એક દીકરી. નામ અનસૂયાબેન.
સંસ્કૃત કાવ્યો શીખવાની ખૂબ ઇચ્છા.
કોઇ સારા સંસ્કૃત જાણનારા મળે તેની શોધ કરે.
આપણા પાંડુરંગ વિશે કોઇએ વાત કરી.
અનસૂયાબેનને સંસ્કૃત શીખવવાનું સ્વીકાર્યું.
બીજી નોકરી મળી ગઇ.

અહીં પણ પાંડુરંગની પ્રામાણિકતા એકદમ ઊંચી.
મહેનત કરવાની અને મહેનતાણું લેવાનું.
વગર મહેનતનું મહેનતાણું ન લેવાય એવી નીતિ.
એમાંથી અનસૂયાબેને એમને બીજું કામ સોંપ્યું.
આ કામ હતું: લોકોના જીવવને ઉન્નત બનાવે એવા ગ્રંથની રચના કરવાનું.
આપણા પાંડુરંગે એ કામ ખૂબ સુંદર રીતે કર્યું.
આપણા ઉપનિષદોની અંદર કહેવાયેલી સુંદર વાતોને સરળ ભાષામાં રજૂ કરી.
ગ્રંથનું નામ 'ઉપનિષદની વાતો' રાખ્યું.
ધર્મની વાતોની સાચી સમજ પણ આપી.
'ટોલ્સટોય અને શિક્ષણ', 'ત્યારે કરીશું શું?' 'ધમ્મપદ' એવા ભાષાંતરના કામો પણ કર્યાં.
પાંડુરંગનું વાંચન ઘણું.
ભાષા ઉપર પકડ ઘણી.
મહેનત અને નિષ્ઠા ઊંચી એટલે એનું પરિણામ પણ સુંદર જ હોય ને!!

●

# (૨૧)

## ટીખળીખોર પાંડુરંગ :

શાળા છોડી તો અનસૂયાબેન મળ્યા.
એમને સંસ્કૃત શીખવતાં શીખવતાં ગ્રંથો રચાયાં.
પાંડુરંગ ધીરે ધીરે ઉંમરમાં વધતા ચાલ્યાં.
દરેક માતાને એક ઈચ્છા હોય.
અને તે ઈચ્છા એટલે દીકરાને પરણાવવાની.
પોતાના દીકરાની વહુ ઘરમાં આવે તે મોટું સુખ.
એક દિવસની વાત છે.
બપોરનો સમય છે.
પાંડુરંગ ઘરમાં આરામ કરે છે.
માતા રુક્મિણી ઓટલા પર કામ કરે છે.
એવામાં આવ્યો એક જયોતિષી.
જયોતિષી જુએ જોષ.
ભવિષ્યમાં શું શું થશે તે ગણતરી કરીને કહે.
બાળક જન્મે ત્યારની જન્મકુંડળી મૂકીને ગણતરી કરે.
માતાએ તો જોષીને બોલાવ્યા.
જોષીને બોલાવ્યા અને બેસાડ્યા.
પછી ધીમેથી પાંડુરંગની જન્મકુંડળી બતાવી.

અને તરત પૂછ્યું: પાંડુરંગના લગ્નનો યોગ કેવો છે?
જોષીએ તો કુંડળી જોઇ.
ગણતરી કરી.
થોડું નાટક જેવું પણ શરૂ કર્યું.
હાવ-ભાવ, ચેન-ચાળા કરે પણ બોલે નહિ.
માતાજીને થયું કે છે જોષી ખૂબ હોશિયાર જણાય છે.
પણ ભગવાનની ઇચ્છા કંઇ જુદી હશે.
ઘરમાં આરામ કરતાં પાંડુરંગ જાગ્યા.
બહાર વાતચીત ચાલે તે સાંભળી.
પાંડુરંગ આવ્યા ઘરની બહાર ઓટલા પર.
જોયું તો પોતાની માતા અને જ્યોતિષી.
થોડીવાર ઊભા રહ્યા.
જોશીનું નાટક ચાલુ હતું.
માતા મૂંઝાતા હતાં.
ત્યાં પાંડુરંગ ઘરમાં ગયા.
ઘરમાં જઇને એક દંડુકો લીધો.
દંડુકો લઇને આવ્યા બહાર- ઓટલા પર.
ઓટલા પર આવીને પાંડુરંગે કહ્યું:
"હે જોશીજી! તમે તમારો જોષ જુઓ.

તમારી જન્મકુંડળી મૂકો.
ગણતરી કરો.
અને કહો કે મારા હાથનો આ દંડુકો આપના શરીર પર જોશથી પડશે કે નહિ પડે?
જ્યોતિષી તો દંગ થઇ ગયો.
એને થયું કે આપણી પોલ ખૂલી ગઇ.
અહીં પોલંપોલ નહિ ચાલે.
માર ખાવો પડે એના કરતાં ભાગો.
ઝોળીમાં ટીપણું નાંખી દીધું.
માથે પાઘડી ગોઠવી દીધી.
અને જોષી તો હડુડુડુ કરતાં ભાગી ગયાં.
પાંડુરંગને માતાજી વઢ્યાં.
આવું થાય કે?
પાંડુરંગે કહ્યું કે જો એ સાચો જ હોત તો નાસવાની જરૂર શું?
નાસે કોણ?
જૂઠો હોય તે નાસે.
પાંડુરંગે માતાને કહ્યું કે મા! મને લગ્ન કરવાની ઇચ્છા નથી.
તમે મને પરણાવવાનું દબાણ ના કરશો.
તમે પરણાવો તો તમને એક વહુ પગે લાગશે.
અને નહિ પરણાવો તો અનેક વરઘોડિયાં

પગે પડશે ને આશીર્વાદ માગશે.

ટીખળી પાંડુરંગે ટીખળ કરતાં કરતાં ભવિષ્ય કથન કરી નાંખ્યું.

•

## (૨૨)

## મોટી માંદગી-મળ્યો મોડ (વળાંક):

પાંડુરંગ માતાજી સાથે ગોધરામાં રહે છે.

નાનો ભાઈ નારાયણ પણ સાથે જ છે.

એવામાં આપણા પાંડુરંગ માંદા પડ્યાં.

વ્યાધિ શરીરને વીંટળાઈ વળ્યો.

માંદગી લાંબી ચાલી- પાંડુરંગને અશક્તિ આવી ગઈ.

એકદમ પથારીવશ થઈ ગયાં.

દાક્તર-વૈદ્યની દવા ચાલે.

પણ દવા અસર ના કરે.

મા અને ભાઈ જપ કરે, પ્રાર્થના કરે અને પાંડુરંગની ખડે પગે સેવા કરે.

પરંતુ દવા કે દુઆ કોઈને માંદગી ગાંઠે નહિ.

માતા ગભરાઈ ગયા.

શું થશે પાંડુરંગનું?

આ બાજુ પાંડુરંગને પણ મોત દેખાયું.

એમ થયું કે જીવન હવે પૂ રું થઇ જશે.
મનમાં પશ્ચાતાપ શરૂ થયો.
સદ્‌ગુરુનું સ્મરણ કર્યું.
ખૂબ ભાવથી પોકાર કર્યો.
સદ્‌ગુરુ-શરણભાવ અને આર્તનાદ બે ભેગા થયાં.
પાંડુરંગનું તન માંદુ હતું પણ મન પ્રફુલ્લિત થઇ ગયું.
સદ્‌ગુરુનાથ સામે જ દેખાયા હોય તેમ લાગ્યું.
માતાને અને ભાઇને રૂમની બહાર જવા કહ્યું.
પાંડુરંગમાં દિવ્ય શક્તિનો સંચાર થયો.
કાગળ લઇને બે સ્તોત્ર લખ્યાં:
એક લખ્યું: 'દત્તાષ્ટક' અને બીજું 'દત્તશરણાષ્ટક'.
માતા-ભાઇને રૂમમાં બોલાવ્યાં.
સ્વસ્થ પાંડુરંગને જોઇ આનંદ આનંદ થઇ ગયો.

●

# (૨૩)

## આપત્તિમાં આશીર્વાદ

દેવનું કામ દેવ કરે છે.
દેવે આદેશ કર્યો કે દત્તપુરાણના પારાયણ કર.
તો દેવ જ એ ગ્રંથ મેળવી આપે.
માનવી પ્રયત્નો કરે પણ એને દેવ દિશા સૂઝાડે.
દેવ એવા સંજોગો ઊભા કરે કે તમે એ જ દિશામાં ડગલા ભરો અને ત્યાં તમારું કામ થઇ જાય.
પંખીની બે પાંખ. બે પાંખથી જ પંખી ઊડે.
માનવજીવન પણ પુરુષાર્થ અને પ્રારબ્ધરૂપી બે પાંખથી ઊડે.
પાંડુરંગના એક મિત્ર.
મિત્રનું નામ રતનલાલ ત્રિપાઠી.
સરખેજમાં રહે.
લોકો એને રતનલાલ 'મહાત્મા' કહે.
આ રતનલાલનો એક દીકરો.
દીકરાનું નામ પ્રબોધ, પણ લાડમાં 'રવિયો' કહે.
એક દિવસ ઘરેથી ભાગી ગયો.
ક્યાં ગયો? કોઇને ખબર નહિ.
બધાને ચિંતા થઇ. શોધખોળ શરૂ થઇ.

રતનલાલના એક સંબંધી. એમનું નામ મોહનલાલ. ભરૂચમાં રહે. ચાલો ભરૂચ તપાસ કરીએ.
ભરૂચ તપાસ કરવાં ઊપડ્યાં.
રસ્તામાં જ પાંડુરંગની જમણી આંખ ફરકવા લાગી. જમણી આંખની સાથે જમણો હાથ પણ ફરકવા લાગ્યો.
પાંડુરંગે મિત્રને કહ્યું કે રતનલાલ! તમારો રવિયો તો મળી જ જશે પણ બીજો પણ મોટો લાભ થવાનો છે?
મોહનલાલના ઘરે ગયા તો રવિયો ત્યાં જ હતો. મોહનલાલ સાથે વાત થઈ તો દત્તપુરાણ તો છે અને સ્વામી મહારાજે લખ્યો છે એવી વાત થઈ.
પાંડુરંગના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો.
શોધવા નીકળ્યા મિત્રના દીકરાને અને મળી ગયો ગ્રંથ.
આપત્તિમાં આશીર્વાદ તે આનું નામ.
**Blessings in disguise.**

# (૨૪)

## 'દત્તપુરાણ ગ્રંથ' ના દર્શન

રતનલાલનો દીકરો રવિશંકર.
એ નાસી ગયો એટલે એને શોધવા નીકળ્યા.
એમના પિતા રતનલાલ અને સાથે પાંડુરંગ.
આમ શોધ દીકરાની અને દીકરો તો મળ્યો પણ સાથે સાથે ગ્રંથ પણ મળ્યો.
દેવનું કામ દેવ કરે છે તે આનું નામ.
ભરૂચ ગામમાં મોહનલાલનું ઘર.
વાતો ચાલે છે.
બીજા અલક મલકની વાતો કરે પણ પાંડુરંગના મનમાં તો 'દત્તપુરાણ'નું જ રટણ.
એમણે વાત શરૂ કરી:
'દત્તપુરાણ' વિશે કંઈ જાણો છો?
મોહનલાલ બોલ્યા: 'હા! હા! એ તો સ્વામી મહારાજે રચેલો ગ્રંથ છે.'
પાંડુરંગના હૈયે આનંદ આનંદ થઈ ગયો.
ચાલો, દત્તપુરાણ છે તો ખરું.
એટલે આપણને થયેલો ભગવાનનો આદેશ સાચો છે.
પાંડુરંગે પૂછ્યું કે 'દત્તપુરાણ'ના દર્શન થાય?

મોહનલાલ તો ઊઠ્યા અને દત્તપુરાણ ગ્રંથ લાવ્યા અને મૂકી દીધો ગ્રંથ પાંડુરંગના હાથમાં.
પાંડુરંગ તો રાજીના રેડ થઈ ગયા.
ગ્રંથ હાથમાં લીધો.
ભાવથી વંદન કર્યા.
માથે અડાડ્યો અને શિર્ષક વાંચ્યું: 'દત્તપુરાણ'.
આંધળાને જાણે આંખ મળી, મૂગાને મળી વાણી,
નિર્ધનને તો મળ્યો ખજાનો, આનંદની સરવાણી.
પાંડુરંગનું તો જાણે જીવન ધન્ય ધન્ય થઈ ગયું.
બીજાનું ભલું કરવા ગયા તો સાથે સાથે પોતાનું ભલું થઈ ગયું.
આ ગ્રંથ પારાયણ માટે મળે ખરો?
પાંડુરંગને ગ્રંથના દર્શન પછી વિચાર આવ્યો.

•

# (૨૫)

## અનુપમ હીરલો પાચો

આનંદના મહાસાગરમાં પાંડુરંગ ડૂબી ગયા.
કેટલા વખતથી જેની શોધ કરતા હતા તે ગ્રંથના દર્શન થઈ ગયા.
અનુષ્ઠાન માટે આ ગ્રંથ મળે ખરો?
પાંડુરંગે મોહનલાલને વાત કરી.
મારે આ ગ્રંથના પારાયણ કરવા છે.
આ ગ્રંથ મને મળે?
એની કિંમત આપી દઉં!
મોહનલાલે કહ્યું કે આ ગ્રંથ નથી, આ તો સ્વયં ગુરુમહારાજ છે.
હું રોજ એની પૂજા કરું છું.
આ પૂજન-ગ્રંથ ઘરની બહાર કાઢતો નથી.
તમારે વાંચવો હોય તો અહીં વાંચી શકો.
પાંડુરંગ નિરાશ થયા.
ભગવાનને પાંડુરંગ નિરાશ થયા તે ના ગમ્યું.
ભગવાને મોહનલાલના મનમાં વિચારનો ઝબકાર કર્યો.

મોહનલાલ બોલ્યા: મારો પૂજાગ્રંથ તો નહિ મળે પણ અહીં એક ભાઈના ઘરે પણ ગ્રંથ છે. ચાલો તેને પૂછીએ.

પાંડુરંગ તો તરત જ ઊભા થઈ ગયા.

એ ભાઈનું નામ કલ્યાણજીભાઈ.

આ કલ્યાણજીભાઈ એ પૂ.ગાંડા મહારાજના બનેવી થાય.

આ ગાંડા મહારાજ એ સ્વામી મહારાજના શિષ્ય એટલે કલ્યાણજીભાઈ પણ સ્વામી મહારાજને માને.

એમના બધા ગ્રંથો રાખે અને પૂજા કરે.

મોહનલાલ અને પાંડુરંગ.

કલ્યાણજીભાઈના ઘરે પહોંચ્યા.

મોહનલાલે ઓળખાણ કરાવી.

પાંડુરંગે અનુષ્ઠાન કરવું છે અને તે પણ દત્તપુરાણ ગ્રંથનું.

દેવનો આદેશ છે.

૧૦૮ પારાયણ કરવા છે.

એમને દત્તપુરાણ ગ્રંથ જોઈએ છે તો મળી શકે?

પાછી એ જ મુશ્કેલી.

પૂજા-ગ્રંથ અપાય નહિ.

સ્વામી મહારાજના બધા ગ્રંથોની એક એક નકલ રાખું છું.
ગુરુભાવે પૂજા કરું છું.
પાંડુરંગ બોલ્યા: ભલે ન અપાય તો ન આપશો પણ દર્શન તો કરાવો.
કલ્યાણજીભાઈ અંદર ગયા.
એક મોટી પેટી ઊંચકી લાવ્યા.
પેટી ખોલી.
પાંડુરંગ તો ધ્યાનાવસ્થામાં બેઠા.
એક પછી એક ગ્રંથના દર્શન કરતાં જાય.
સ્વામી મહારાજના તો ઘણા ગ્રંથ.
દરેકની એક એક નકલ નીકળે.
એમ કરતાં દત્તપુરાણ ગ્રંથ નીકળ્યો.
પણ ચમત્કાર- ચમત્કાર કેવો?
દત્તપુરાણની બે નકલ.
કલ્યાણજીભાઈને આશ્ચર્ય થયું.
પાંડુરંગની આંખ ભીંજાઈ ગઈ.
ભગવાન આટલી બધી કાળજી રાખે છે?
કલ્યાણજીભાઈ બોલ્યા: ભાઈ! બધા ગ્રંથોની એક એક નકલ અને દત્તપુરાણની જ કેમ બે નકલ?

આ બીજી નકલ આપને માટે જ ભગવાને રાખી છે.
કલ્યાણજીભાઈએ દત્તપુરાણગ્રંથની પ્રત પાંડુરંગના હાથમાં મૂકી.
અમૂલ્ય ખજાનો પાંડુરંગને મળી ગયો.
'અનુપમ હીરલો પાયો' એવો ભાવ જાગ્યો.
દેવનું કામ દેવ કરે છે તે આનું નામ.

•

# ગુરુવંદના

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહેશ્વર દેવ,
પરબ્રહ્મ શ્રીગુરુ નકી, જાણી કરવી સેવ.

ગુરુ માતા, ગુરુ છે પિતા, ગુરુ ત્રિમૂર્તિ સ્વરૂપ,
નિશ્ચય એનો એહવો, દીપક શિષ્ય અનુપ.

જ્ઞાન, ધર્મ, યશ, સંપદા, સર્વે ગુરુપદમાંહ્ય,
એવા નિશ્ચયથી ભજો એ ગુરુચરણ સદાય.

ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ,
ગુરુનામામૃતપાનથી જાય મરણ સંદેહ.

જે કો શ્રીગુરુને ભજે, વરે સકલ સંપદ,
પાય પડે સિદ્ધિ સહુ, ન રહે નામ વિપદ.

સદ્‌ગુરુ આશીર્વાદ જે વૃથા કેમ તે થાય ?
નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય.

મંત્ર, તીર્થ, દ્વિજ દેવ ને ગણક, વૈદ્ય, ગુરુમાંહ્ય,
જેવી જેની ભાવના સિદ્ધિ તેવી થાય.

ગુરુ સેવા પદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,
મંત્ર, તંત્ર, કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ.

શ્રીગુરુલીલામૃતમાંથી

# માત-પિતાની વંદના

- એક ઘડી સ્તનપાનનું વળે ન ઋણ પણ જ્યાંય,
  કેમ માતૃઋણથી અહીં થાય મુક્ત સુત ત્યાંય?
- ના પર દૈવત માતથી! વળે માતૃઋણ કેમ?
  માતા સાક્ષાત્ પાર્વતી, પિતા સદાશીવ તેમ!!
- કરી પ્રથમ પ્રદક્ષિણા કરે પછી વંદન,
  માત-પિતૃ-ગુરુ સંનિધે જઇ નમે તત્ક્ષણ.
- જેમ ઇંદિરા ને હરિ તેવાં 'મા' ને 'બાપ',
  માની અહર્નિશ તેમને ભજે એહ નિસ્તાપ.
- સેવાથી મા-બાપની અધિક પુણ્ય ના ક્યાંય,
  કોટિ યજ્ઞયાગાદિનું પુણ્ય ન ગણત્રીમાંહ્ય.
- સેવા આગળ એમની પ્રદક્ષિણા ત્રણ જાણ-
  પૃથ્વીની, ને કાશીની બે લખ ભાવે માન.
- ભાવે સેવા તાતની કરતાં થાએ જ્ઞાન,
  આવી સંમુખ શ્રીહરિ રહે ખડો તું જાણ.
- માત-પિતા પ્રત્યક્ષ છે દેવ ભૂતલે આંહ્ય,
  વેદશાસ્ત્ર એવું કથે, શંકા લેશ ન ત્યાંય.

પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજ
(શ્રીગુરુલીલામૃતમાંથી.)